Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-1, June-2023
www.researchguru.net

# ખેડા સત્યાગ્રહમાં ગાંધીજીની ભૂમિકા

ડૉ. વિનોદકુમાર ભગવાનભાઈ મુંજપરા
અધ્યાપક સહાયક ઈતિહાસ વિભાગ નલિની અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટસ કોલેજ વલ્લભ વિદ્યાનગર

ખેડા ગુજરાતનો બગીચો છે. અહીંના પાટીદારોએ જાત મહેનત અને બુદ્દિધનો ઉપયોગ કરી જમીનને આબાદ બનાવી છે. અહીંના ગામો જુઓ તો ખબર પડે છે કે પાટીદારોની પાકી મેડીઓ તેમની મહેનતનું ફળ છે.

આજથી એક સદી પહેલા ઈ.સ. ૧૯૧૭ માં ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિ થઈ હતી. સામાન્ય રીતે ત્રીસેક ઈંચ વરસાદ થતો હતો તેના બદલે સિત્તેર ઈંચ વરસાદ થયો. ચોમાસુ પાક તેમજ પશુઓનો ઘાસચારો નિષ્ફળ ગયો હતો. બીજી બાજુ દુષ્કાળથી લોકોની સ્થિતિ કફોડી બની હતી. લોકોને મહેસુલના પ્રશ્ને ખૂબ ચિંતા હતી. સુકો દુષ્કાળ હોય તો તેની અસર સ્પષ્ટ જોઈ શકાય છે, પરંતુ લીલા દુષ્કાળની અસર સ્પષ્ટ જોઈ શકાતી નથી. આવી પરિસ્થિતિમાં લોકોને રાહત આપવાનું કોણ વિચારે ? મુંબઈ સરકારે ઘડેલી જમીન મહેસુલ વિષયક નીતિમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે જો પાક ૨૫% થી ઓછો થાય તો સરકારે એ વર્ષ માટેની વિઘોટી ઉઘરાવવાનું બીજા વર્ષ સુધી મોકુફ રાખવું. આમ છતાં પણ સરકારે વિઘોટી ઉઘરાવવાનું ચાલુ રાખ્યું હતું.

ખેડા જિલ્લામાં લોકોનો પાક નિષ્ફળ ગયો હોવા છતાં પણ અમલદારો બળજબરી અને જોર-જુલમથી ખેડૂતો પાસેથી મહેસુલ વસૂલ કરતા હતા. જાન્યુઆરી ૧૯૧૮ માં ગાંધીજી કલકત્તાથી મુંબઈ પાછા ફર્યા હતા. ખેડા સત્યાગ્રહ એ ગુજરાતના ખેડા જિલ્લામાં મહાત્મા ગાંધીજીની આગેવાની હેઠળ બ્રિટિશ શાસન વિરુદ્ધનો એક સત્યાગ્રહ છે.

૫ ફેબ્રુઆરી ૧૯૧૮ ના રોજ ખેડાની સ્થિતિ અંગે મુંબઈમાં ગવર્નરને ગાંધીજી મળ્યા. પરંતુ સંતોષકારક જવાબ ન મળતા ખેડાની સ્થિતિ અંગે કમિશનરને પત્ર લખ્યો. બીજા દિવસે ખેડા જિલ્લાની અંગે જાત તપાસ માટે ગોકળદાસ કહાનદાસ પારેખ તથા વિઠ્ઠલભાઈ પટેલ સાથે નડિયાદ ગયા. ૨૧ માર્ચ ૧૯૧૮ ના રોજ ગુજરાત સભાની બેઠકમાં ગાંધીજીના પ્રમુખ સ્થાને અમદાવાદમાં ખેડા સત્યાગ્રહની લડત ચલાવવા ઠરાવ કરવામાં આવ્યો. ગાંધીજીએ ખેડા જિલ્લાના નડિયાદના ખેડૂતોને સભામાં સલાહ આપી, 'પાક ચાર આનાથી ઓછો હોય તો મહેસુલ ભરવું નહીં.'

ગુજરાતમાં ચાલેલી આ લડતમાં ગાંધીજી મુખ્યત્વે આધ્યાત્મિક અને નૈતિક આગેવાન હતા. તેમના મુખ્ય સેનાપતિ તરીકે સરદાર વલ્લભભાઈ પટેલ પોતાની મોટી અને વધતી વકીલાત જતી કરીને સત્યાગ્રહમાં સાથ આપ્યો હતો. આ ઉપરાંત ખેડા જિલ્લાના સેવકો અને શ્રી શંકરલાલ પરીખ, શ્રી અનસુયાબેન, શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક, શ્રી મહાદેવભાઈ દેસાઈ, નરહરી પરીખ, મોહનલાલ પંડ્યા અને રવિશંકર વ્યાસ મુખ્ય હતા. તેમણે ગ્રામ્ય ક્ષેત્રોની મુલાકાત લઈ લોકોને સત્યાગ્રહ માટે તૈયાર કર્યા તથા તેમની લડતને રાજનૈતિક નેતૃત્વ પીઠબળ અને દિશા-નિર્દેશ આપ્યા હતા.

ખેડા સત્યાગ્રહમાં ગાંધીજીને વલ્લભભાઈ પટેલે પ્રજાની સ્થિતિ જણાવી હતી. સત્યાગ્રહ નક્કી થયા બાદ પ્રજાને લડાઈ માટે તૈયાર રહેવા, દંડ થાય, જમીનો ખાલસા થાય, કેદ થાય કે ઘરની ચીજવસ્તુઓ લઈ જવામાં આવે તો એ બધા કષ્ટો મૂંગા મોઢે સહન કરી લેવા જણાવ્યું. જમીન મહેસુલ ન ભરવાની પ્રતિજ્ઞા એક સો ખેડૂતોએ લીધી અને વલ્લભભાઈ ગામે-ગામ ફરીને લોકોને પોતાની પ્રતિજ્ઞાની વળગી રહેવા સમજાવ્યા હતા.

સરકારની યાદીઓ અને ધમકીઓ તથા જુલમ પણ ચાલુ રહ્યા. જેટલું વસૂલ લેવાનું હોય તે કરતા જે નાણાં વધે તે ખેડૂતોને પાછા આપવા જોઈએ. તેના બદલે સરકાર તે જપ્ત કરી કરતી હતી. આ દેખીતો જુલમ હતો અને સરકારે લોકોની કરેલી ખુલ્લી લૂંટ હતી. પરંતુ સરકારને સત્તાના નશામાં આ ખુલ્લો અન્યાય ન દેખાય અને અમલદારશાહી આંધળી બની રહી હતી.

ગાંધીજીએ લખ્યું છે કે "શરૂઆતના દિવસોમાં લોકોની હિંમત ખૂબ જોવામાં આવી હતી. શરૂઆતના દિવસોમાં સરકારી પગલાં પણ મોળા હતા. પણ જેમ-જેમ લોકોની દ્રઢતા વધતી ગઈ તેમ સરકારને વધારે ઉગ્ર પગલા ભરવાનું મન થયું.

જપ્તીદારોએ લોકોને ઢોર વેચ્યા, ઘરમાંથી ગમે તે માલ ઘસડી ગયા, ચોથાઈની નોટિસો નીકળી, કોઈ કોઈ ગામનો આખો માલ જપ્ત થયો. કેટલાક લોકો ગભરાયા અને તેમણે મહેસુલ પણ ભર્યું. બીજા પોતાનો માલ જપ્ત કરીને અમલદારો મહેસુલ વસૂલ કરી લે તો છૂટ્યા એમ મનમાં ઈચ્છવા લાગ્યા. કેટલાક મરણીયા પણ નીકળ્યા."

સત્યાગ્રહની લડતને પહોંચી વળવા સરકારે વધારે અમલદારો નીમ્યા હતા. ખાલસાની નોટિસો અપાય અને ચોથાઈ દંડની નોટિસો પણ કાઢવામાં આવી હતી. કપડવંજ તાલુકામાં ૧૪૬, મહેમદાવાદ તાલુકામા ૧૪૫, માતર તાલુકામાં ૧૦૫, આણંદ તાલુકામાં ૬૮, નડિયાદ તાલુકામાં ૨૩, બોરસદ તાલુકામાં ૨૨ અને ઠાસરા તાલુકામાં ૫ એમ મળીને અંદાજે ૫૧૪ ચોથાઈની અને ૧૫૦ ખાલસાની નોટિસો નીકળી હતી. સરકારે જપ્તીની શરૂઆત કરી પણ લોકોએ મહેસૂલ ન ભરતા સમગ્ર જિલ્લામાં એકતાનું વાતાવરણ બની રહ્યું.

ગાંધીજીએ કમિશનરને પત્ર લખી ફરી એકવાર જણાવ્યું કે જો નબળી સ્થિતિ વાળા ખેડૂતોનું મહેસુલ માફ થશે તો સારી સ્થિતિ વાળા ભરી દેશે, પરંતુ સરકાર ગાંધીજીને યશ આપવા માગતી ન હતી. ખેડા સત્યાગ્રહનો અંત અલગ રીતે આવતો જોવા મળે છે. ગાંધીજી ૩ જૂને ઉતરસંડા ગામે ગયા. તેના મામલતદારે જણાવ્યું કે જો સારી સ્થિતિવાળા માણસો મહેસુલ ભરી આપે તો ગરીબોનું મહેસુલ મુલત્વી રાખવામાં આવશે. ગાંધીજીએ લેખિત કબુલાત માંગી જે મળતા તે એ તાલુકા પૂરતી જવાબદારી મામલતદારે સ્વીકારી હતી અને સમગ્ર જિલ્લાનો નિર્ણય કલેકટર લઈ શકે તેવું સ્પષ્ટ જણાવ્યું. છેવટે કલેકટરે એવો હુકમ આપ્યો જેથી ગાંધીજીની પ્રતિજ્ઞામાં એ જ વસ્તુ હતી તેથી એ હુકમથી સંતોષ માન્યો.

ખેડા સત્યાગ્રહની લડત પરિણામ કરતાં સૈદ્ધાંતિક દ્રષ્ટિએ મહત્વની બની રહી હતી. આ લડતથી ગુજરાતના ખેડૂત વર્ગની જાગૃતિ તથા રાજકારણની કેળવણીની શરૂઆત થઈ. તેમ જ ખેડૂત જીવનમાં શિક્ષિત વર્ગનો અને સ્વયંસેવકોનો ખરો પ્રવેશ આ લડતથી જ થયો હતો. સરકારથી ડરીને રહેતા ખેડૂતો હવે સરકારના ભયમાંથી મુક્ત થઈ ગયા હતા. આ લડતથી ખેડૂતોમાં જાગૃતિ આવી. આ લડતના કારણે સરદાર વલ્લભભાઈ પટેલ નેતા તરીકે બહાર આવ્યા. ખેડા સત્યાગ્રહમાં ખેડૂતોએ તેમના શાંત અને સૌમ્ય ખમીરના દર્શન કરાવ્યા અને અહિંસક શક્તિનો લોકોને પરિચય કરાવ્યો.

ખેડા સત્યાગ્રહમાં ગાંધીજીને સરદાર મળ્યા. જેથી ભવિષ્યમાં સમગ્ર દેશમાં તેમના ઉચ્ચ નેતૃત્વનો લાભ થવાનો હતો. સૌથી વધુ લાભ ખેડા જિલ્લાના ખેડૂતોને થયો તેનું કારણ તેમની ધીરજ અને વીરતા હતી. જે તેમણે સાબિત કરી બતાવ્યું કે જો લોકોની માંગણી હોય તો ગમે તેવી સરકારને નમવું જ પડે છે. આમ, ખેડા સત્યાગ્રહનું ગાંધીજીએ નેતૃત્વ સ્વીકાર્યું તેને સફળ કરી બતાવ્યું.

**<u>સંદર્ભ ગ્રંથો :</u>**

(૧) પાઠક રામનારાયણ નાગરદાસ, ક્રાંતિકાર ગાંધી, પોરબંદર, ૧૯૮૮.

(૨) દેસાઈ શાંતિલાલ, રાષ્ટ્રનો સ્વાતંત્ર સંગ્રામ અને ગુજરાત, અમદાવાદ, ૧૯૯૯.

(૩) મહેતા મકરન્દ, સાંસ્થાનિક ભારતનો આર્થિક ઈતિહાસ, અમદાવાદ, ૧૯૮૫.

(૪) આચાર્ય જાવડેકર, આધુનિક ભારત, અમદાવાદ, ૧૯૪૬.

(૫) દલાલ ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, ગાંધીનગર, ૧૯૯૦.

(૬) શુક્લ જયકુમાર, ગુજરાતમાં સ્વાતંત્રસંગ્રામ, અમદાવાદ, ૧૯૯૩.

(૭) ગાંધી મોહનદાસ કરમચંદ, સત્યના પ્રયોગો, અમદાવાદ, ૨૦૦૬.

(૮) શાસ્ત્રી હરિપ્રસાદ અને પરીખ, પ્રવીણચંદ્ર, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ,

(આઝાદી પહેલા અને પછી ઈ.સ. ૧૯૧૫ થી ૧૯૬૦) ગ્રંથ-૯, અમદાવાદ, ૧૯૮૭.

(૯) https://gu.m.wikipidia.org>wiki